વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી,
આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

તા. ૦૬/૦૫/૨૦૨૦

## -: પ્રેસ નોટ :-

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા. ૦૬/૦૫/૨૦૨૦ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે યુનિવર્સિટીના કાર્યક્ષેત્રના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો અને વિસ્તરણ કેન્દ્રોના વડાઓ સાથે ઝુમ એપ્લીકેશનની મદદથી વેબીનારનું માન. કુલપતિશ્રી, આકૃયુ, આણંદના અધ્યક્ષ સ્થાને આયોજન કરવામાં આવેલ. આ વેબીનારમાં વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, મધ્ય ગુજરાતના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રીઓ તથા આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આકૃયુ, દેવગઢ બારીઆના યુનિટ અધિકારીશ્રી તથા વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરીનો સ્ટાફ સાથે લોકડાઉન સમય દરમ્યાન કરેલ વિસ્તરણ અને ફાર્મની કામગીરી અને આવનાર સમયમાં કરવામાં આવનાર કામગીરી અંગે માન. કુલપતિશ્રી અને વિસ્તરણ શિક્ષણ નિયામકે ચર્ચા કરેલ અને સર્વેને માર્ગદર્શન આપેલ. વધુમાં, માન. કુલપતિશ્રીએ દરેક કેન્દ્રો દ્વારા થયેલ કામગીરીની પ્રશંસા વ્યક્ત કરેલ હતી. આ વેબીનારના હોસ્ટ તરીકે ડો. એચ. બી. પટેલ, સહ વિસ્તરણ શિક્ષણ નિયામકે કામગીરી કરેલ.

